વર્ષ ૨૦૦૭ ને " નિર્મળ ગુજરાત વર્ષ
દરમ્યાન ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની
યોજનાઓ અંગે અમલીકરણ બાબત
માર્ગદર્શક સુચનાઓ

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૧૮-૬-૨૦૦૭

વંચાણમાં લીધા :-

૧. ઠરાવ ક્રમાંક : આરડીસી/ટીએસસી/પીસી/૯૬૨/એસએફએસ/૬૪૦/ખ-૨, તા. ૨૧-૪-૨૦૦૭
૨. ઠરાવ ક્રમાંક : આરડીસી-ટીએસપી-પીસી-૯૭૫-એસ.એફ.એસ.-૨૨૧૭-ખ.૨ તા. ૨૪-૫-૨૦૦૭
૩. ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ, તા. ૧૩-૬-૨૦૦૭

<u>સુધારા ઠરાવ :-</u>

જાહેર સ્વચ્છતાની સુવિધાઓ અને વ્યકિતગત જીવનમાં સ્વચ્છતાનાં અભાવે થતા રોગોમાંથી ગ્રામ્ય જનો મુકત બને તથા તેઓના જીવનધોરણમાં સુધારો થાય તે હેતુથી તથા સર્વાંગી સ્વચ્છતાની પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે **વર્ષ ૨૦૦૭ ને રાજય સરકારે " નિર્મળ ગુજરાત વર્ષ " તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે.** નિર્મળ ગુજરાત વર્ષ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારમાં કરવાની થતી સ્વચ્છતાલક્ષી કામગીરીનું પ્રાથમિક આયોજન કરવામાં આવેલ છે અને તે અલગથી સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓનેતૈયારીઓ માટે મોકલી આપવામાં આવેલ છે.

૨. નિર્મળ ગુજરાત ૨૦૦૭ અંતર્ગત સંદર્ભમાં દર્શાવેલ તા. ૨૧-૪-૨૦૦૭ ના ઠરાવના ફકરા -૧૩ માં ઉલ્લેખ કર્યા મુજબ ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ હેઠળ રૂા. ૨૦.૦૦ કરોડની ખાસ જોગવાઈ કરવામાં આવી છે અને તેના અનુસંધાને તે નાણાંના ઉપયોગ માટે જરૂરી માર્ગદર્શક સુચનાઓ તા. ૨૧-૪-૨૦૦૭ ના ઠરાવમાં અને તેના પરિશિષ્ટ - ૧ અને ૨ થી આપવામાં આવેલ છે.

સંદર્ભ-૨ ના ઠરાવથી તા. ૨૪-૫-૨૦૦૭ ના ઠરાવની ઉપરોકત સુચનાઓ સ્થગિત રાખવાનું ઠરાવેલ હતું. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા. ૧૩-૬-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૭-૧૮૯-ચ ની સુચનાઓ વંચાણે લઈ તા. ૨૧-૪-૨૦૦૭ ના ઠરાવની આ સૂચનાઓને આ હુકમ થયાની તારીખથી પુનઃ પ્રસ્થાપિત કરવામાં આવે છે, અને **<u>તેમાં નીચે મુજબ વધારાની સુચનાઓને પ્રથમ ધ્યાનમાં લેવાની રહેશે તે મુજબ ઠરાવવામાં આવે છે.</u>**

૩. નિર્મળ ગુજરાત-૨૦૦૭ અંતર્ગત પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હસ્તકના ગ્રામ વિકાસ પ્રભાગ સહિત જુદી જુદી કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અને રાજય સરકારની યોજનાઓ તેમજ રાજય સરકારના ખાસ અનુદાન દ્વારા સ્વચ્છતાલક્ષી કામગીરીના કાર્યક્રમોમાં પ્રત્યેક ગામના બીપીએલ કુટુંબો સિવાયના એપીએલ કેટેગરીમાં આવતા કુટુંબો દ્વારા એપીએલ કેટેગરીના કુટુંબદીઠ શૌચાલય બનાવવાની કામગીરી નિર્મળ ગુજરાત-૨૦૦૭ હેઠળ આવરી લેવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજી પુર્વકની વિચારણાને અંતે ફકત એપીએલ કુટુંબો માટે શૌચાલય બનાવવાની યોજના નીચે મુજબની કાર્યપધ્ધતિથી અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) તા. ૨૧-૪-૦૭ ના ઠરાવથી " નિર્મળ ગુજરાત " અંતર્ગત મળેલ રૂા. ૨૦.૦૦ કરોડની રાજય સરકારની ગ્રાન્ટનો ૧૦૦ ટકા ઉપયોગ પ્રથમ તબકકે અન્ય કોઈ હેતુ માટે ખર્ચ ન કરતા માત્ર એપીએલ કેટેગરીના કુટુંબો માટે શૌચાલય બનાવવા માટે કરવાનો રહેશે.

(૨) આ એપીએલ કેટેગરીના કુટુંબો માટે એપીએલ કેટેગરીના કુટુંબદીઠ સસ્તા પ્રકારના શૌચાલય બનાવવાનો ખર્ચ (પ્રત્યેક શૌચાલય માટે) કુલ રૂા. ૧૫૦૦/- લેખે ગણતા તે પૈકી

(અ) રૂા. ૭૫૦/- સંદર્ભ-૧ માં દર્શાવેલ તા. ૨૧-૪-૦૭ ના ઠરાવ અનુસંધાને ફાળવેલ રાજય સરકારની ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાનો રહેશે.

(બ) બાકીના રૂા.૨૫૦/- માન. ધારાસભ્યશ્રીના ફંડમાંથી / સરકારશ્રીની અન્ય ગ્રાન્ટમાંથી ફાળવવાના રહેશે. બાકીની રકમ રૂા. ૫૦૦/- લાભાર્થીએ પોતે ભોગવવાના રહેશે. <u>આ રીતે શૌચાલયની સુવિધા વિહોણા દરેક એ.પી.એલ. કુટુંબને રૂા. ૧૦૦૦/- સુધી પ્રોત્સાહક સહાય મળી શકશે.</u> માન. ધારાસભ્યશ્રીના ફંડ અંગેના હુકમો સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અલગ રીતે કરવામાં આવશે.

(૩) પ્રત્યેક ગામના એપીએલ કેટેગરીના કુટુંબો કે જેમની પાસે શૌચાલયની વ્યવસ્થા ન હોય તેવા માટે શૌચાલય બનાવવાની આ યોજના કેન્દ્ર સરકારના ટોટલ સેનીટેશન કાર્યક્રમની માર્ગદર્શક સુચનાઓ અને તે ઉપરની ગ્રામ વિકાસ પ્રભાગની સમગ્રતાઃ સુચનાઓને ધ્યાને રાખીને તથા ટોટલ સેનીટેશન કાર્યક્રમમાં સુચવેલ ગ્રામ સમિતિની અનુમતિ મેળવીને હાથ ધરવાની રહેશે.

(૪) નિર્મળ ગુજરાત-૨૦૦૭ અનુસંધાને સંદર્ભ-૧ માં દર્શાવેલ તા.૨૧-૪-૦૭ ના ઠરાવથી ફાળવવામાં આવેલ રૂા. ૨૦.૦૦ કરોડની વધારાની ગાંટનો ઉપયોગ જે તે ગામના બાકી રહેલા તમામ એપીએલ કેટેગરીના કુટુંબો માટે શૌચાલય બનાવવામાં વાપર્યા બાદ જો બચત રહે તો તે ગ્રાન્ટનો ઉપયોગ અન્ય સંદર્ભ-૧ના તા. ૨૧-૪-૦૭ના ઠરાવમાં દર્શાવેલા કાર્યક્રમ માટે કરી શકાશે.

(૫) તા. ૨૧-૪-૦૭ ના ઠરાવ સંલગ્ન પરિશિષ્ટ-૨ માં પ્રચાર-પ્રસાર માટે રૂા. ૩૩.૦૦ લાખની જોગવાઈ કરી છે તે હેતુ માટે તેટલી જોગવાઈ ગ્રાન્ટ ઉપલબ્ધ હોવાની શરતે વાપરી શકાશે.

(૬) તા. ૧૩-૬-૦૭ ના સંદર્ભ-૩ ના ઠરાવ અને આ ઠરાવમાં ઉલ્લેખિત એપીએલ કુટુંબોની પસંદગી ગ્રામ વિકાસ વિભાગ દ્વારા બહાર પડાયેલી 'ગરીબ'

કુટુંબોની ૧૭ થી <u>વધુ</u> ગુણાંક મેળવતાં <u>એ.પી.એલ. કુટુંબોને ગુણાંકના</u> ક્રમાનુસાર <u>પ્રોત્સાહક સહાય</u> કરવાની રહેશે.

૪. રાજ્યની તમામ ગ્રામ પંચાયતો પૈકી જે ગ્રામ પંચાયતો ઉપર સંદર્ભ-૧ માં દર્શાવેલ તા. ૨૧-૪-૦૭ ના ઠરાવથી મળેલ નિર્મળ ગુજરાત--૨૦૦૭ હેઠળની પુરેપુરી ગ્રાન્ટ એપીએલ કેટેગરીના કુટુંબ માટે શૌચાલય બનાવવા માટે વાપરશે તથા તે ગામના હયાત એપીએલ કેટેગરીના કુટુંબોને શૌચાલય બનાવવાની યોજનામાં ૧૦૦ ટકા આવરી લેશે. તેવી ગ્રામ પંચાયતોને ગુજરાત ગૌરવ ગ્રામ યોજના હેઠળ આપવામાં આવતા પુરસ્કાર માટે વિચારણામાં લેવામાં આવશે.

૫. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સંદર્ભ-૧ માં દર્શાવેલ તા.૨૧-૪-૦૭ ના ઠરાવની અન્ય તમામ જોગવાઈઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૮-૬-૦૭ ની મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એ.ગામેતી)
ઉપસચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
- માન. મુખ્યમંત્રીના સચિવશ્રી,
- માન. મંત્રીશ્રી, માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રીઓ (તમામ)
- અગ્રસચિવશ્રી(આયોજન) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર...
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશ્નર વ સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ
- નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (સર્વે)
- જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (રાજ્ય) (સર્વે)
- ચેરમેનશ્રી, સામાજિક ન્યાય સમિતિ, જિલ્લા પંચાયત (સર્વે)
- સર્વે જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી (રાજ્ય)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ,
- સર્વે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી,
- તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે) (સબંધિત સર્વે ગ્રામ પંચાયતોને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- નાણાં સલાહકારશ્રી (પં) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ
- નાયબ સેક્શન અધિકારીશ્રી /સિલેક્ટ ફાઈલ
- સીલેક્ટ ફાઈલ